# પાલનપુરના નાગણેજી માતાના મંદિરે નવરાત્રીની આઠમનો મહાયજ્ઞ

## નવાબ સાહેબની રાણીના દાયજામાં આવેલ માતાજીના યજ્ઞનો ખર્ચ મુંબઈથી નવાબ સાહેબ આપે છે



(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૨૨

પાલનપુર શહેરમાં આવેલા શ્રી નાગણેજી માતાનું મંદિર વર્ષમાં માત્ર બે વાર જ ખુલે છે. નવાબી કાળનું ચમત્કારીક અને સર્વધર્મ સમભાવના પ્રતિક સમુ મંદિર આજે હવન આરતી નિમિત્તે દર્શનાર્થીઓ માટે ખુલ્લુ મુકાયું હતું. જયાં દર્શનાર્થીઓની ભારે ભીડ જામી હતી.

પાલનપુરના નવાબે રાજપુત રાણી સાથે લગ્ન કર્યા હતા. જે રાણીના દાયજામાં નાગણેજી માતા આવ્યા હતા. જો કે નવાબે દાયજામાં આવેલી માતાજીની પૂજા સેવાર્થે રાજગઢી વિસ્તારમાં શ્રી નાગણેજી માતાનું મંદિર બંધાવ્યું હતું. સર્વધર્મ સમભાવના પ્રતિક સમાન નાગણેજી માતાનું મંદિર અગાઉ વર્ષમાં માત્ર એકવાર નાગ પાંચમે દર્શનાર્થીઓ માટે ખુલ્લુ મુકાયું હતું. જે હવેથી વર્ષમાં બે વાર જ દર્શનાર્થીઓ માટે ખુલે છે. શ્રાવણ માસમાં નાગપાંચમ અને આસો માસમાં હવનાષ્ટમીના દિવસે ખુલતા શ્રી નાગણેજી માતાના મંદિરે ભકિતનું ઘોડાપુર ઉમટે છે. જયાં ભાવિક ભકતો દ્વારા માતાજીના દર્શન કરી બાધા આખડી પૂર્ણ કરવામાં આવે છે. શ્રી નાગણેજી માતાના મંદિરે હવનાષ્ટમીના રોજ યજ્ઞ પૂર્ણ થાય છે. જેમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ભાવવિભોર બની ભાગ લઈ ધન્યતા અનુભવે છે.

આમ પાલનપુરનું નાગણેજી માતાનું મંદિર કોમી એકતાના પ્રતિક સમું બની રહ્યું છે.

# ડીસા મત વિસ્તારમાં ભાજપમાં ૨૮ અગ્રણીઓની દાવેદારી

ડીસા, તા. ૨૨

બનાસકાંઠા જિલ્લાની નવ બેઠકો માટે ઉમેદવાર નક્કી કરવા માટે પ્રદેશ ભાજપ ચૂંટણી નિરીક્ષકો કાનાજી ઠાકોર, પૃથ્વીરાજ પટેલ અને હંસકુંવરબા રાજેએ ઉમેદવારોની પસંદગી બાબતે કવાયત હાથ ધરતાં પાલનપુર ડીસા હાઈવે પર આવેલ મહાવીરધામ ખાતે દાવેદારો તેમજ તેમના સમર્થકોના ટોળા ઉમટી પડ્યા હતા.

તેમાં ડીસા વિધાનસભા બેઠકમાં ભાજપ તરફથી ૨૮ અગ્રણીઓએ દાવેદારી નોંધાવતા કોણ કપાશે અને કોને ટિકિટ મળશે ને લઈ ઉત્તેજના છવાઈ જવા પામી હતી. ડીસા વિધાનસભા મત વિસ્તારમાં વર્તમાન મંત્રી અને આ વિભાગના ધારાસભ્ય લીલાધર વાઘેલા, મગનલાલ માળી, બાબુલાલ માળી, પી.એન. માળી, ખેતાજી માળી, ઠાકોર સમાજના અગ્રણી ઓધારજી ઠાકોર, યુ.આર. ઠાકોર, રબારી સમાજમાંથી રાજુલબેન દેસાઈ, માવજીભાઈ દેસાઈ, ડૉ. સંજય દેસાઈ તેમજ ડીસા શહેર ભાજપ પ્રમુખ શશીકાંત પડ્યા સહિત ૨૮ જેટલા દાવેદારો છે. ડીસા મત વિસ્તારમાં દાવેદારોનો રાફડો ફાટ્યો છે.

# ઊંઝા પોલીસે કેબલ વાયર ચોરીનો ભેદ ઉકેલ્યો

ઊંઝા, તા. ૨૨

ઊંઝા તાલુકાના વિશોળ ગામની સીમમાં આવેલ ખાનગી માલિકીના ટયુબવેલ પર થયેલ કેબલ ચોરીના ગુનામાં સંડોવાયેલ મનાતા ત્રણ ઈસમોને પોલીસે ઝડપી લઈ પુછપરછ કરતાં પકડાયેલા ઈસમોએ ઊંઝા તાલુકા સહિત પાટણ જિલ્લાના નવ જેટલા ગામોમાં કેબલવાયરની ચોરીઓ કરી હોવાની હકિકત બહાર આવી છે.

ઊંઝા તાલુકાના વિશોળ ગામે રહેતા રેવાભાઈ મહાદેવભાઈ દેસાઈનો ગામની સીમમાં ટયુબવેલ આવેલ છે. આ ટયુબવેલ પર તાજેતરમાં રાત્રિના સમયે કોઈ તસ્કરોએ કેબલ વાયર કાપીને ચોરી કરી હતી. આ અંગે ઊંઝા પોલીસે ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

આ સંદર્ભે પોલીસે વિશોળ ગામના જ ત્રણ શખ્સો રાવળ વસંત ઉર્ફે ભદો અમરતભાઈ, ઠાકોર કેશરજી ઉર્ફે ટીનું માધાજી અને ઠાકોર બાલસંગ ઉર્ફે માલજીજીને રાત્રિના સમયે ચોરાયેલ કેબલ વાયર સાથે ઝડપી લીધા હતા. બાદ પોલીસે પકડાયેલ શખ્સોની પુછપરછ કરતાં તેઓએ ઊંઝા તાલુકાના સૂણક, વરવાડા, કામલી તેમજ પાટણ જિલ્લાના બોરસણ, ગોરાદ, મહંમદપુરા, શેલાવી, કમાલપુરા, ગંગાપુરા ગામોમાં પણ ટયુબવેલો પરથી કેબલવાયરની ચોરીઓ કરી હોવાની કબુલાત કરી હતી. આથી પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ અર્થે અદાલતમાં રજૂ કરીને રીમાન્ડ મેળવવાની કાર્યવાહી હાથ ધરી છે.

## દુ:ખદ અવસાન

ઈન્ડોતીબેટ-બોર્ડર પોલીસમાં ફરજ બજાવતા ઊંઝા તાલુકાના વણાગલા ગામના કિશોરકુમાર રેવાભાઈ સોલંકીનું તાજેતરમાં ફરજ દરમિયાન આકસ્મિક અવસાન થતાં સિમલાથી તેમના મૃતદેહને વતન વણાગલા ગામે લાવવામાં આવ્યો હતો. જયાં આઈ.ટી.બી.પી. કિન્નોર (હિમાલય પ્રદેશના) જવાનોએ અત્રે ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્વર્ગસ્થની અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ જોડાઈને સ્વર્ગસ્થ જવાનને શ્રધ્ધાંજલિ અર્પી હતી.

# પાલનપુર પંથકમાં ડેન્ગ્યુનો કહેર કોટડા (ભાખર)ની ત્રણ બહેનોને ડેન્ગ્યુ : એકનો ડેન્ગ્યુએ ભોગ લીધો

પાલનપુર, તા. ૨૨

સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ઘણા સમયથી ડેન્ગ્યુ મેલેરિયા સહીત રોગચાળાનું પ્રમાણ ચિંતાજનક સ્તરે વધી રહ્યું છે. તાજેતરમાં જ પાલનપુર શહેરની અંદર અનેક ડેન્ગ્યુના બનાવો પ્રકાશમાં આવેલ ત્યારે દાંતીવડા રોડ પર આવેલ કોટડા ભાખર નામના ગામમાં ફેલાયેલ અસંખ્ય ગંદકી અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા આરોગ્ય વિભાગની ઘોર નિષ્કાળજીને લીધે એક જ પરિવારની ત્રણ બાળકીઓને ડેન્ગ્યુની અસર થતાં તાકીદે સારવાર માટે તેના પરિવારજનો પાલનપુરની જુદી જુદી હોસ્પિટલોમાં સારવાર માટે લઈ ગયેલ ત્યારે ત્રણ પૈકી એક ૧૪ વર્ષની છોકરીનું ડેન્ગ્યુને લીધે મૃત્યુ થયાનું ભોગ બનનાર પરિવારના ગોવિંદભાઈ ધુંખે જણાવ્યું હતું. કોટડા ભાખરના ગણપતજી ધુંખ કે જેઓ એડવોકેટ છે. તેમની દિકરીઓ આરતી ઉ.વ. ૧૪, કૈલાશ ઉ.વ. ૮ અને પાયલ ઉ.વ. ૬ને સારવાર માટે પાલનપુર લઈ આવેલ તે પૈકીની ૧૪ વર્ષની વય ધરાવતી આરતીનું ડેન્ગ્યુના લીધે અવસાન થયાનું ગોવિંદભાઈ ધુંખે એક મુલાકાતમાં જણાવ્યું હતું. તેમણે આક્રોશ સાથે જણાવેલ કે ગામમાં અને આજુબાજુમાં ફેલાયેલી ગંદકી અને આરોગ્યતંત્રની ગંભીર લાપરવાહીને લીધે નિર્દોષ ગ્રામજનો શહેરીજનો ડેન્ગ્યુ મેલેરિયા જેવા રોગોના શિકાર બની રહ્યા છે.

ત્યારે તંત્ર લોક જાગૃતિ અને દવા છંટકાવ, ગટરો, ઉકરડાઓની સફાઈ, ગંદા પાણીના ખાબોચીયા પાસે ઢોરો બાંધવાના સ્થાને કીચડને લીધે મચ્છરોની ઉત્પત્તિને લીધે નિર્દોષ લોકો આવા જીવલેણ રોગોનો શિકાર બને છે. આમ કોટડા એકલા જ વિસ્તારની આ સમસ્યા નથી. પાલનપુરની શહેરી ગ્રામ્ય વિસ્તાર સહિત જિલ્લાભરમાં આરોગ્ય તંત્ર અને સ્થાનિક સુધરાઈ દ્વારા ફરજ પ્રત્યે દાખવાતી ગંભીર બેદરકારીને લીધે નિર્દોષ લોકો મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે.

ત્યારે એસી ચેમ્બરોમાં બેસી વૈભવી સરકારી વાહનો લઈ ફરતા તગડી રકમનો પગહાર લેતા તંત્રના સત્તાધારકો આ અંગે તાકીદે યોગ્ય પગલા લે તેવી ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

# ઝેરડા પાસે ટ્રેક્ટરના પૈસા ભરવા જઈ રહેલ ખેડૂત ચૂંટણીપંચના સપાટામાં

## પમરુના ખેડૂતો પાસેથી રૂ. ૪ લાખ અને બાઈક કબજે લેવાયું



ડીસા, તા. ૨૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની હજુ દોઢ માસ કરતા વધારે સમય છે ત્યારે આ વર્ષે આચારસંહિતાના અમલના નામે ચૂંટણીપંચે નાણાની હેરાફેરી પર બાજ નજર રાખતા વેપારીઓ, ખેડૂતો સહિતના લોકોને ભારે હેરાનગતિ સહન કરવાનો વારો આવ્યો છે અને ગામડાઓમાં તો આચારસંહિતા અંગે ખાસ માહિતી ન હોવાથી ખેડૂતો પણ ચૂંટણીપંચના સાણસામાં આવી જઈ વિના વાંકે હેરાનગતિ સહન કરી રહ્યા છે. ત્યારે સોમવારે પમરુ ગામના ખેડૂતો બાઈકમાં ટ્રેક્ટરના રૂપિયા ભરવા જઈ રહ્યા હતા ત્યારે ઝેરડા નજીક ચૂંટણીપંચની ટીમે ઝડપી લઈ રૂ. ૪ લાખ કબ્જે કર્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ ડીસા તાલુકાના પમરુ ગામના ખેડૂતે જુની ટ્રેક્ટર વેચાણ રાખ્યુ હોવાથી બાઈક પર અરજણભાઈ મધાભાઈ પટેલ અને વેલાભાઈ મશરૂભાઈ રબારી (બન્ને રહે. પમરૂ) પૈસા ભરવા માટે નિકળ્યા હતા ત્યારે ઝેરડા નજીક વાહનચેકીંગ કરી રહેલ ચૂંટણીપંચના અધિકારી જે. જે. ભુતડીયા અને પોલીસ સ્ટાફે બાઈક ઉભુ રખાવી તપાસ કરતા તેમાંથી રૂ. ૪ લાખ મળી આવતા પોલીસે બાઈક સહિત મુદ્દામાલ કબ્જે લઈ ડીસા એસડીએમ ઓફીસમાં બોલાવ્યા હતા. અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

ડીસામાં ઠેર ઠેર નવરાત્રી પર્વની થઈ રહેલ ધામધૂમ ઉજવણી વચ્ચે હાઈપ્રોફાઈલ ગરબા વચ્ચે પ્રાચીન અસલ ગરબા પણ ભારે રંગ જમાવી રહ્યા છે. જેમાં સુભમ પાર્ટી પ્લોટ ખાતે ભારત વિકાસ પરીષદ આયોજીત ગરબા જ્યારે અનુપમ સોસાયટી ખાતેના ગરબા અને અન્ય શેરી ગરબાઓમાં યુવા હૈયા મુગ્ધ મને ગરબે ઘુમી રહ્યા છે. અવનવા ટ્રેડીશનલ ટ્રેસ સાથે ગરબા રમતાં ખેલૈયાઓ મોડીરાત સુધી ગરબે ઘુમતા નવરાત્રીનો માહોલ તેના અસલ મીજાજમાં આવેલ છે. જેમાં ડીસાના લાલચાલી વિસ્તારમાં પ્રાચીનકાળથી પ્રેમભક્તિભાવ અને ઉત્સાહની સાથે ઉજવાતા ધાર્મિક તેમજ સાંસ્કૃતિક તહેવારોએ ભારતીય સંસ્કૃતિ અને માનવ સંસ્કૃતિ અને સન્માન જળવાઈ રહે માનવ હૈયાને હર્ષઘેલું કરી અનેરો આનંદ વરસાવનારો ભક્તિ શક્તિનો ભંડાર એટલે નવરાત્રી પર્વમાં કુળદેવી તથા આદ્યશક્તિ મા અંબા નવદુર્ગાની કૃપા મેળવી માનો પ્રેમશ્રદ્ધા અને ભક્તિભાવથી લાલચાલી નવ યુવક મિત્ર મંડળ નવધામ એટલે કે સતત ૫૬માં વર્ષમાં ગરબા મંડળ પ્રવેશ કરે છે. જેથી હજાર હાથવાળી મા અંબાજીના તિર્થ સ્થાનેથી અખંડ જ્યોત લાવી ભૂમિપૂજન કરી અવનવા સાજ સજાવી નવ માતાજીને એક જગ્યાએ ગબ્બર ઉપર બિરાજમાન છે. પ્રાચીન ગરબાની અસલ શૈલીમાં નવધામનો નિર્માણ થતા હજારો ભાવિકો ભક્તિ અને શક્તિના સંગમરૂપ આ પવિત્ર તહેવારમાં એકજ જગ્યાએ નવશક્તિ સ્વરૂપમાં દુર્ગાના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે.

# જંગરાલ જીઈબીની મનસ્વી નિતીથી પાંચ માસથી ધક્કા ખાતો ખેડૂત

## સરકારે રદ થયેલ વિજજોડાણ પુનઃ ચાલુ કરવાની સ્કીમ જાહેર કરી હતી પરંતુ ખેડૂતોને અન્યાય

ડીસા, તા. ૨૨

પાટણ તાલુકાના જંગરાલ જીઈબી બોર્ડમાં સ્ટાફ દ્વારા ગ્રાહકો સાથે કરાતા અણાજતા વર્તનના મામલે ઘણા સમયથી ગ્રાહકોમાં રાડ ઉઠવા પામી છે. અત્યારે ખેડૂતોને વિજજોડાણના નવા કનેકશન સહિતની કાર્યવાહી ચાલી રહી છે ત્યારે વીજકંપનીના સ્ટાફ દ્વારા ખેડૂતોને હેરાન પરેશાન કરી પૈસા પડાવાતા હોવાની બુમ ઉઠી છે. જ્યારે રદ થયેલા વિજ જોડાણને પુનઃ ચાલુ કરાવવા માટે પાંચ મહિનાથી ધક્કા ખાઈને કંટાળેલા એક ખેડૂતે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવાની તજવીજ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ પાટણ તાલુકાના ખોરડા ગામે ઊંટવાડાના માર્ગ પર ઠાકોર ધારસિંહજી તલાજીના નામે વિજજોડાણ આવેલ હતુ. પરંતુ ગ્રાહકના મૃત્યુ બાજ વિજબીલ નહીં ભરાતા તે રદ થયું હતું. પરંતુ સરકારે તાજેતરમાં રદ થયેલ ખેતીલાયક વિજ કનેકશનોને પુનઃ ચાલુ કરવાની યોજના અમલમાં મુકી હતી. એટલે ગ્રાહકના પુત્ર ઠાકોર રમેશજી ધારસિંહજીએ આ વિજડોડાણ પોતાના ભાઈઓ તેમજ પરિવારજનોની સંમતિથી પોતાને નામે કરવા, વિજજોડાણ પુનઃ ચાલુ કરવા અને લોડ વધારાની માંગણી સાથે તમામ કાગલો આધાર પુરાવા સાથે જંગરાલ જીઈબીમાં અરજી આપી હતી પરંતુ કોઈક કારણસર તેમને ન્યાય આપવામાં આવતો નથી તેઓ ધક્કા ખાઈ ખાઈને કંટાળ્યા છે. આ બાબતે રમેશજી ઠાકોરે જણાવ્યું હતું કે અમે ઓફીસે જઈએ ત્યારે એક અધિકારી કહે છે કે તમારુ કનેકશન પુનઃ ચાલુ નહી થાય એટલે નવેસરથી અરજી કરીદો પરંતુ અમોએ અરજી અને કાગળ પાછળ મોટો ખર્ચ કરી દીધો છે અને વારંવાર ધકખા ખાઈએ છીએ એટલે પોતાનું કામ પણ થી શકતુ નથી એટલે ના છુટકે અમોએ ઉચ્ચકક્ષાએ રજુઆત કરી છે.

## ભાભર પાસેથી બે દેશી તમંચા સાથે બે આરોપીની અટકાયત કરતી એસ.ઓ.જી. પોલીસ

પાલનપુર, તા. ૨૨

બનાસકાંઠા પોલીસ અધિક્ષક અશોકકુમાર યાદના માર્ગદર્શન હેઠળ મળેલ બાતમીના આધારે એસ.ઓ.જી. પો.ઈન્સ. એચ.એમ. ગઢવી તથા એ.એસ.આઈ. ખુમાજી રામાજી તથા એ.હેડ. કોન્સ. પ્રવિણસિંહ માનસિંહ તથા અ.હેડ. કોન્સ. અમરતલાલ દેવરાજજી તથા પો.કો. જીગ્નેશકુમાર ગુણવંતરાય સાથે તનાવાડા તા. ભાભરના બસ સ્ટેન્ડ ઉપર બે બાતમીવાળા ઈસમોને પકડી પાડી જે પૈકી બળવંતજી વસ્તાજી ઠાકોરની અંગ ઝડતી કરતાં ફંટમાં છુપાવી રાખેલ દેશી હાથ બનાવટનો તમંચો ૧ કિંમત રૂ. ૧૦હજારનો તથા ચેહરાજી ચમનાજી ઠાકોરની અંગ ઝડતી કરતાં ફાંટમાં છુપાવી રાખેલ દેશી હાથ બનાવટનો તમંચો એક કિંમત રૂ. ૧૦હજારના જાત કબજામાં લાયસંસ આધાર વગર મળી આવતાં બંને વિરૂદ્ધ ભાભર પોલીસ સ્ટેશનમાં કાયદેસરની ફરીયાદ દાખલ કરાવેલ છે. અને આગળની તપાસ પો.ઈન્સ. એચ.એમ. ગઢવી ચલાવી રહ્યા છે.

# સ્કૂટરસવાર પિતા-પુત્રીનું કારની ટક્કરથી રૂપેણ નદીમાં પટકાતા મોત

મહેસાણા, તા. ૨૨

ઊંઝા-વિસનગર ધોરીમાર્ગ પર વિસનગર તાલુકાની હદમાં રૂપેણ નદીના પુલ પર સ્વીફ્ટ મોટરકારે સ્કૂટરને ટક્કર મારતાં સ્કૂટર નદીમાં ખાબકતાં સ્કૂટર પર સવાર પિતા અને પુત્રીનું કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે એક બાળકને ઈજાઓ પહોંચી હતી.

વિગત એવી છે કે વિસનગર તાલુકાના વાલમ ગામના ઉમેશજી દિવાનજી ઠાકો રાત્રીના સમયે સ્કૂટર પર પુત્રી અને ભત્રીજાને બેસાડીને વિસનગર સંબંધીની ખબર કાઢીને પરત જઈ રહ્યા હતા ત્યારે વાલમથી ત્રણેક કિ.મી. દૂર રૂપેણ નદીના પુલ પરથી પસાર થતી વેળા સ્વીફ્ટ મોટરકારે સ્કૂટરને ટક્કર મારતાં સ્કૂટર ફંગોળાઈને નદીમાં પડ્યું હતું. જેથી સ્કૂટર પર સવાર પિતા અને પુત્રીના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા. જ્યારે ભત્રીજાને ગંભીર ઈજાઓ થઈ હતી. આ ઘટનાની જાણ થતાં આસપાસમાંથી લોકો દોડી આવ્યા હતા. બાદ વિસનગર અગ્નિશામક દળના જવાનોએ નદીના પાણીમાંથી પિતા-પુત્રીનો મૃતદેહ બહાર કાઢ્યા હતા. ગોજારા અકસ્માત બાદ કારચાલક ક્યાંક નાસી છૂટ્યો હતો. વાલમ ગામના ઠાકોર પરિવારના પિતા-પુત્રીના અકસ્માતમાં કરૂણ મોત નિપજતાં પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી.

આ બનાવ અંગે વિસનગર પોલીસે સ્વીફ્ટ મોટરકારના ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સાબરકાંઠા જિલ્લામાં બે ચોરીના બનાવોની ફરિયાદ નોંધાઈ

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતેથી બાઈક ચોરી અને ભિલોડા તાલુકાના જેતપુર ગામે ઘરફોડ ચોરી એમ બે ચોરીના બનાવોની ફરિયાદ રવિવારના રોજ પોલીસ મથકે નોંધાઈ હતી. વિગત મુજબ હિંમતનગર તાલુકાના ખેડ (ચાદરણી) ના રહેવાસી ભાવેશકુમાર શાંતિલાલ વ્યાસ પોતાનું બાઈક નંબર જીજે-૯-એએસ-૬૪૫૯ કિંમત રૂ. ૩૦ હજારનું સવા મહિના પહેલાને ૧૩ સપ્ટેમ્બરના રોજ બપોરના સમયે શહેરના સન્માનપાર્ક સોસાયટીમાં તેમના સંબંધીને ત્યાં ગયેલા જયાં પોતાની બાઈક પાર્ક કરેલ જે બાઈકની ચોરી થઈ જતા હિંમતનગર ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. જયારે બીજો બનાવ ભિલોડા તાલુકા સાયડી (જેતપુર) ગામે પુષ્પાબેન બાબુભાઈ ભગોરાના બંધ મકાનમાં ૧૪ દિવસ અગાઉ ને ૮ ઓકટોબરના રોજ રાત્રીના સમયે નવા વસવાટ જેતપુરનો રાજેશભાઈ શાંતિલાલ ગામેતીએ મકાનના મુખ્ય દરવાજા ઉપર હવા ઉજાસ માટે લગાવેલ સિમેન્ટની જાળી તોડી અંદર પ્રવેશ કરી લોખંડની પેટી તોડી તેમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂ. ૩૫ હજારની મત્તા ચોરી કરી લઈ ગયેલ જેના વિરુદ્ધ ભિલોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૨૫-૧૦-૧૨, ગુરૂવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

**૧. સેક્ટર-૬એ**

સહી/-
ટોરેન્ટ પાવર લિમિટેડ

# સવપુરાની પરણિત યુવતિએ કૂવામાં મોતની છલાંગ લગાવી

ડીસા, તા. ૨૨

થરાદ તાલુકાના સવપુરા ગામની પરણીત યુવતીએ સીમમાં આવેલ એક કુવામાં ઝંપલાવી મોતને વહાલુ કરતાં પંથકમાં અરેરાટી મચી જવા પામી છે. આ બાબતે પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ સવપુરા ગામની યુવતી મીરાબેન તેજાભાઈ પટેલ (ઉ.વ. ૨૧)ના લગ્ન દોઢ વર્ષ, અગાઉ થરાદ તાલુકાના કરબુણ ગામે સમાજના રીતિ રિવાજ મુજબ થયા હતા. પરંતુ મીરાબેન છેલ્લા કેટલાક સમયથી પોતાના પિયરમાં રહેતી હતી. જ્યાં બુધવારના રોજ સાંજના સુમારે ખેતરથી દૂર આવેલ તળાવ તરફ કુદરતી હાજતે જવાનું કહીને નિકળી હતી ત્યાં નજીકમાં આવેલ કૂવામાં પડતુ મુકી આપઘાત કરી લીધો હતો. બીજી બાજુ લાંબો સમય થતા તે પરત નહી આવતા પરિવારજનોએ તેની શોધખોળ આરંભી હતી ત્યારે કુવાના કિનારા પાસે લોટો અને ચંપલ મળી આવતા કંઈક અજુગતુ બન્યાની આશંકાએ પરિવારજનોએ તપાસ કરતાં કૂવામાં મીરાબેનનો મૃતદેહ પડ્યો હોવાનું જણાયું હતું. આ બાબતે થરાદ પોલીસને જાણ કરતાં પોલીસે ઘટનાસ્થળે દોડી આવી મૃતદેહનો કબ્જો લઈ પી.એમ. કરી વાલીવારસોને સુપ્રત કરી હતી. મરનાર મીરાબેન છેલ્લા કેટલાક સમયથી માનસીક રીતે ટેન્શનમાં હોવાનું જાણવા મળેલ છે.

**પ્રદેશ પાલર્મિન્ટરી...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉપસ્થિતિમાં પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની પ્રથમ બેઠક મળશે. જેમાં જિલ્લા નિરીક્ષકો તેમના અહેવાલો સાથે ઉપસ્થિત રહેશે. પાર્લામેન્ટરી બોર્ડના સભ્યો જિલ્લા નિરીક્ષકો અને જિલ્લાના આગેવાનો સાથે પરામર્શ કરશે.

અને ત્યારબાદ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ તેમને મળેલ સંભવીત ઉમેદવારોના નામો અંગે ચર્ચા વિચારણા કરીને વિધાનસભા બેઠક દીઠ ઉમેદવારોના ત્રણ નામોની એક પેનલ યાદી તૈયાર કરશે અને ત્યારબાદ પાર્લામેન્ટરી બોર્ડની બીજી બેઠક મળશે તેમાં આ પેનલ યાદીઓ પરના નામો અંગે પરામર્શ કરીને અગ્રતાક્રમ આપીને આખરી પેનલ યાદી તૈયાર કરીને ભાજપ મોવડીમંડળને મંજુરી અર્થે મોકલી આપવામાં આવશે.

ભાજપ મોવડીમંડળ પ્રદેશ નેતાગીરી સાથે પરામર્શ કરીને આખરી ઉમેદવારોની પસંદગી કરીને પસંદગી યાદી તૈયાર કરીને દિવાળીના તહેવારો બાદ નામો જાહેર કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

**ઉત્કર્ષ યોજનાઓ...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

નિકાલ માટે ફાસ્ટટ્રેક કોર્ટો બનાવાશે. મૃતપાયઃ થયેલા કામદાર કલ્યાણ કેન્દ્રોને પુનઃજિવિત કરાશે. તેમણે જણાવ્યું હતું કે, અસંગઠિત ક્ષેત્રના ખાસ કરીને બાંધકામ, પ્લમ્બીંગ, વાયરમેન, સુથારી, લુહારી અને ટ્રક-ટેક્સી ડ્રાઈવરો-કલીનરો માટે સામૂહિક વિમા યોજના દાખલ કરાશે. ડ્રાઈવર કંડકટરોની અડધી જીંદગી રોડ-રસ્તાઓ પર ગુજરતી હોય છે. અને રસ્તાઓમાં દરેક ઓથોરિટી દ્વારા તેમને હેરાન-પરેશાન કરાય છે આથી તેમનું સન્માન જળવાય તેનું ધ્યાન રખાશે. ગ્રામ્ય વિસ્તારોના ૬૦ લાખ પરિવાર કૃષિક્ષેત્રે સંકળાયેલા ખેતમજૂરો છે તેમના માટે ખાસ યોજના અમલી બનાવીશું.

શક્તિસિંહે કહ્યું હતું કે, મુખ્યમંત્રી ગુજરાતની જનતાને મુર્ખ બનાવી રહ્યા છે અને મશીનની જેમ જુઠ્ઠાણાનો મારો ચલાવી રહ્યા છે. આજ સુધીમાં અનેક યોજનાઓની જાહેરાત કરી છે પણ એનો અમલ કર્યો નથી. કોંગ્રેસ સત્તા પર આવશે તો કામદારોના ઉત્કર્ષ માટે કાર્ય કરશે. તમામ ઘરઘાટીનું રજિસ્ટ્રેશન કરીશું એમના આરોગ્યની ચકાસણ પણ થશે.

**હોટલ એસોશિએશન...** ● ત્રીજા પાનાનું ચાલુ

ભુપેન્દ્રભાઈ આર. પટેલ હોટલ વસુંધરા ગાંધીનગર અને કારોબારી સમિતિના સભ્ય તરીકે મજીદભાઈ મેમણ હોટલ રાજવાણી કલોલ, મુકેશભાઈ રુપાલા હોટલ શિવસદન ગાંધીનગર, હિરેનભાઈ પટેલ હોટલ કેદાર બોરુ ચોકડી ગાંધીનગર, જિતેન્દ્રભાઈ પટેલ, હોટલ યાત્રી ગાંધીનગરની નિમણુંક કરવામાં આવી હતી. તેમજ એસોસીએશનના પ્રમુખ અસિતકુમાર ભટ્ટે જિલ્લાના તમામ હોટલમાલિકોનો આભાર માન્યો હતો તેમજ સમગ્ર જિલ્લાના હોટલ તેમજ રેસ્ટોરન્ટના સંચાલકોને એસોસીએશનમાં જોડાવા તેમજ સત્વરે સભ્યપદની નોંધણી કરાવવા નમ્ર અપીલ કરી હતી.